BRAMPTON

Media Release

ત્વરિત જાહેરાત માટે

# સેફ કમ્યુનિટી પ્રોજેક્ટ ઝીરોનાં માધ્યમથી એનરિજ ગૅસ બ્રૅમ્પટન ફાયરને આગ અને કાર્બન મોનોક્સાઇડથી થતા મૃત્યુ ઘટાડવામાં સહાય કરે છે




From left to right: Deputy Fire Chief Rob Martin, Deputy Fire Chief Andrew Von Holt, Sparky the Fire Dog, and Fire Chief Bill Boyes from Brampton Fire and Emergency Services

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (25 ઑક્ટોબર 2021) – આજે, બ્રૅમ્પટન ફાયર એન્ડ ઇમર્જન્સી સર્વિસિસ, એનરિજ ગૅસ અને ફાયર માર્શલ્સ પબ્લિક ફાયર સેફ્ટી કાઉન્સિલ દ્વારા જાહેર કરવામાં આવ્યું કે તેઓ ગૃહ સુરક્ષામાં સુધારો લાવવા અને આગ અને કાર્બન મોનોક્સાઇડથી થતા મૃત્યુને શૂન્ય પર લાવવા ભેગા મળીને કાર્ય કરે છે.

પ્રોગ્રામના પ્રાયોજક એનબ્રિજ ગૅસના માધ્યમથી બ્રૅમ્પટન ફાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસિસે *સેફ કમ્યુનિટી પ્રોજેક્ટ ઝીરો* મારફતે 606 સ્મોક અને કાર્બન મોનોક્સાઇડના સંયોજીત એલર્મ મેળવ્યા છે જે એક જાહેર પ્રશિક્ષણ અભિયાન છે જે આખા ઓન્ટારિયોમાં 70 નગરપાલિકાઓમાં 16,600 એલાર્મ્સ રહેવાસીઓને પૂરા પાડશે. આ એલાર્મ્સ આવતા થોડા મહિનાઓમાં બ્રૅમ્પટનવાસીઓને વિતરિત કરવામાં આવશે.

આ વર્ષે એનબ્રિજ ગૅસ દ્વારા સેફ કમ્યુનિટી પ્રોજેક્ટ ઝીરોમાં $5,00,000 રોકાણ કરવામાં આવ્યું અને છેલ્લા 13 વર્ષોથી પ્રોગ્રામ દ્વારા ઓન્ટારિયોના ફાયર ડિપાર્ટમેન્ટ્સને 68,000 કતા વધુ એલાર્મ્સ પૂરા પાડવામાં આવ્યા છે. બ્રૅમ્પટન ફાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસિસ દ્વારા બ્રૅમ્પટનના સમાજના સભ્યોને 3,000 કરતા વધુ એલાર્મ્સ પ્રોજેક્ટ ઝીરોના માધ્યમથી પૂરા પાડવામાં આવ્યા છે.

જ્યારે યોગ્ય રીતે ઈન્સ્ટોલ કરવામાં આવે અને તેની જાળવણી કરવામાં આવે, ત્યારે સ્મોક અને કાર્બન મોનોક્સાઇડનાં સંયોજીત એલાર્મ ઘરની આગ અથવા કાર્બન મોનોક્સાઇડના સંપર્કથી સુરક્ષિત રીતે બચવા માટે ચેતવણીના પ્રારંભિક સંકેત આપવામાં મદદરૂપ થાય છે. કાર્બન મોનોક્સાઇડ એ એક ઝેરી, ગંધહીન વાયુ છે જે ઘણા પ્રકારના સામાન્ય ઈંધણના અપૂર્ણ દહનની આડપેદાશ છે.

**સુવાક્યો**

"આવી ભાગીદારીઓ આપણા સમાજની સુખાકારીમાં સુધારો લાવે છે અને બ્રૅમ્પટનને એક સ્વસ્થ અને સલામત શહેર બનાવવામાં યોગદાન આપે છે. એનબ્રિજ ગેસને માલમ થાય કે અમે તેમના ચાલુ રહેલ સમર્થન અને દાન માટે તેમનો આભાર, આપ જાહેર સુરક્ષાના અમારા સાચા ભાગીદાર છો. પ્રોજકેટ ઝીરોમાં અહભાગી થવાથી આપણે આપણા રહેવાસીઓ માટે સ્મોક અને કાર્બન મોનોક્સાઇડના એલાર્મ મેળવી શકીશું જેથી તેમના આપ્તજનોની સુરક્ષા સુનિશ્ચિત કરી શકાય.

- *પૅટ્રિક બ્રાઉન, મેયર, સીટી ઓફ બ્રૅમ્પટન*

"આપણે સહુ આપના સમાજને નિરોગી અને સુરક્ષિત રાખવામાં ભૂમિકા ભજવીએ છીએ અને હું મારા એનબ્રિજ ગેસના ભાગીદારોનો બ્રૅમ્પટનના સમર્થનમાં તેઓની ભૂમિકા માટે તેમનો આભારી છું. આ ભાગીદારી મહત્ત્વની છે કેમકે તેનાથી સુનિશ્ચિત કરી શકાય કે આપણા સમુદાયોને માહિતી આપીને વાકેફ રાખી શકાય કે તેઓ કેવી રીતે પોતાને અને તેઓ જેમની સાથે રહેતા હોય તેમને સુનિશ્ચિત રાખી શકે. અમારા 100% પ્રયાસોનો સરવાળો જોતા હું કહી શકું કે આપણે આપણા શૂન્યના લક્ષ્ય સુધી જરૂરથી પહોંચીશું."

- *રોવેના સાન્તોસ, રીજનલ કાઉન્સિલર , વૉર્ડ 1અને 5; પ્રમુખ, કમ્યુનિટી સર્વિસિસ, સિટી ઓફ બ્રૅમ્પટનના પ્રમુખ*

"સ્મોક અને કાર્બન મોનોક્સાઇડ એલાર્મ જીવ બચાવે છે. કમનસીબે આપણે હજું પણ એવી પરિસ્થિતિઓનો સામનો કરીએ છીએ જ્યાં એલાર્મની જાળવણી ન થઈ હોય અથવા ઈરાદાપૂર્વક તેનું જોડાણ કાપવામાં આવતું હોય. યોગ્ય રીતે ઈન્સ્ટોલ કરાયેલ સ્મોક અને કાર્બન મોનોક્સાઇડ એલાર્મ બધાં સુવાના વિસ્તારોની બહાર સ્થિત હોવા જોઈએ. ખાતરી કરશો કે તમારી પાસે તમારા ઘરમાં બધી જાતની ક્ષમતાઓ ધરાવતા લોકો માટે યોગ્ય હોય એવા એલાર્મ હોય - વિકલાંગતા ધરાવતા લોકો માટે બેડ શેકર (પલંગ હલાવતા) અને સ્ટ્રોબ (પ્રકાશ ફેંકતા)

એલાર્મ ઉપલબ્ધ હોય છે. સલામતી તમારી જવાબદારી છે. કેવી રીતે સુરક્ષિત રહેવું તેની વિગતો જાણવા માટે અમારી સાથે નવેમ્બર 1 –7 માં હાથ ધરવામાં આવનાર કાર્બન મોનોક્સાઇડ જાગરૂકતા સપ્તાહમાં અમારી સાથે જોડાવ."

- *બિલ બોય્ઝ, ફાયર ચીફ, બ્રૅમ્પટન ફાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસિસ*

"કાર્બન મોનોક્સાઇડ અકારણ 'મૂક કાતીલ' તરીકે નથી ઓળખાતો, અને અમારી પાસે પુરાવા છે કે નિવારણના પગલા ભરવાથી જીવ બચાવી શકાય છે. આપણે જાણી ચૂક્યા છીએ કે કાર્બન મોનોક્સાઇડનો સંપર્ક ટાળવાનો શ્રેષ્ઠ માર્ગ એટલે તેના સ્ત્રોત પર જ તેને નાબૂદ કરવો જે ઇંધણ બાલવાના સાધનોની યોગ્ય જાળવણીથી પાર પાડી શકાય તેમજ તે ઓળખવું કે એલાર્મ એટલે કાર્બન મોનોક્સાઇડના ઝેર સામે રક્ષણ મેળવવાનું અતિમહત્ત્વપૂર્ણ બીજી હરોળનું સંરક્ષણ છે."

- *બાઈક બોલકન્ચી (Biké Balkanci), ડાયરેક્ટર, GTA વેસ્ટ/નિયાગરા ઓપરેશન્સ, એનબ્રિજ ગેસ*

"સેફ કમ્યુનિટી પ્રોજેક્ટ ઝીરોનો ઉદ્દેશ્ય ઓન્ટારિયોના એવા સમુદાયોને સ્મોક અને કાર્બન મોનોક્સાઇડ સંયોજીત એલાર્મ પહોંચાડવાનો છે જેમને તેની સૌથી વધુ જરૂર છે.. આ એક એવો પ્રોગ્રામ છે જેને ફાયર વિભાગો અપનાવી શકે છે જેથી તેઓ તેમના સમુદાયોને ઓન્ટારિયોના તમામ ઘરોમાં CO એલાર્મ રાખવાની જરૂરિયાત વિશે પ્રશિક્ષિત કરવામાં મદદ કરી શકે જો તેમની પાસે બળતણ બાળવાના ઉપકરણ અથવા જોડાયેલ ગેરેજ હોય."

- *જોન પેગ (Jon Pegg), ઓન્ટારિયો ફાયર માર્શલ અને ફાયર માર્શલ્સ માર્શલ્સ પબ્લિક ફાયર સેફ્ટી કાઉન્સિલના પ્રમુખ*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca.

**મિડિયા સંપર્ક :**
પ્રભજોત કૈન્થ
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી ઍંગેજમેન્ટ (Media and Community Engagement)
વ્યૂહાત્મક સંવાદ (Strategic Communication)
સીટી ઓફ બ્રૅમ્પટન
905-874-3426 | Prabhjot.Kainth@brampton.ca

કેથી ઍશ, ફાયર માર્શલ્સ પબ્લિક ફાયર સેફ્ટી કાઉન્સિલ

1-866-379-6668 એક્સ્ટેન્શન. 105 |
kathy.ash@firesafetycouncil.com

એનબ્રિજ ગૅસ મિડિયા (Enbridge Gas Media)
1-855-884-5112 | enbridgegasmedia@enbridge.com